Vibrant GUJARAT 2015 11-13 Jan. The Global Business Hub | 7th Global Summit

**રેડીયોટેક્ષી ઓન-કોલ ટેક્ષી સેવાની મંજુરી બાબત.**

ક્રમાંક : એમવીપી/૨૬૧૨૨૦૧૪/૧૮૮/ . ૯૮.
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ. -૧-૨૦૧૫. 3 JAN 2015

**-: પ રિ પ ત્ર :-**

**વંચાણે લીધા:-**

(૧) તા.૧-૧-૨૦૧૫ ના રોજની સરકારશ્રીની મંજુરી.
(૨) મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૭૪ ની જોગવાઇઓ.

**આમુખ:-**

હાલમાં શહેરોમાં રેડીયો ટેક્ષી/ ઓન કોલ ટેક્ષી સેવા પ્રચલિત થયેલ છે. ઓન કોલ ટેક્ષી એટલે જે ટેક્ષીને ગ્રાહક ધ્વારા ફોનથી બુક કરવામાં આવે. આ ઓન કોલ ટેક્ષી સેવા અથવા રેડીયો ટેક્ષી સેવાના નિયમન માટે, મુસાફરોને સારી સેવા મળે તે માટે, મુસાફરો અને ખાસ કરીને સીનીયર સીટીઝનો અને મહીલાઓની સલામતી જળવાય તે હેતુ માટે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૭૪ ની જોગવાઇઓ લક્ષમાં લઇ ગુજરાત રાજયમાં રેડીયો ટેક્ષી- ઓન કોલ ટેક્ષી માટે **પરિશિષ્ટ-૧** માં દર્શાવ્યા પ્રમાણે પરમીટની વધારાની શરતો ઠરાવવા સરકારશ્રીએ તા.૧-૧-૨૦૧૫ ના આદેશથી મંજુરી આપેલ છે.

આ મંજુરી અન્વયે **પરિશિષ્ટ-૧** માં દર્શાવ્યા પ્રમાણે **પરમીટની વધારાની શરતો ઠરાવવા સ્થાનિક પરિવહન સત્તામંડળનો ઠરાવ કરવા આ પરિપત્ર તુરંતજ અધ્યક્ષશ્રી, આરટીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને કલેકટરશ્રી સમક્ષ રજુ કરી જરુરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે. કલમ-૭૪ મુજબ પરમીટની શરતોમાં ફેરફાર કરવા, શરત ઉમેરવા, રદ્ કરવા આરટીએને સત્તા છે.**

વધુમાં જણાવવાનું કે, આ ઠરાવ થયેથી નીચેની કામગીરી હાથ ધરવાની થશે.

**સૂચનાઓ :-**

(૧) આપની કાર્યક્ષેત્રની હકુમતમાં રેડીયો ટેક્ષી/ઓન કોલ ચલાવવા માંગતા/ ચલાવતાં ઓપરેટરોની તાત્કાલીક મીટીંગ બોલાવવાની રહેશે. અને તે મીટીંગમાં આ જોગવાઇઓ અંગે સમજ આપવાની રહેશે.

(૨) નવી રેડીયો ટેક્ષી/ઓન કોલ ટેક્ષીની સેવા શરૂ કરવા ઇચ્છતા માલીકે/સંચાલકે તેની પેઢીની/કંપનીની વિગત, વાહનની વિગત તેમજ ડ્રાઇવરની વિગતની જાણ સંચાલકે **લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં** કરાવવાની રહેશે. જે ઓપરેટરોનો વ્યવસાય ચાલુ હોય તેઓએ આ પરિપત્ર થયાનાં એક માસમાં આ જાણ કરાવવાની રહેશે. પોલીસમાં જાણ કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૨** થી સામેલ છે.

(૩) ઓન કોલ ટેક્ષી ચલાવવા માટેની અધિકૃતતા મેળવવા જે તે સંચાલકે સ્થાનિક પરિવહન સત્તા મંડળને અરજી કરવાની રહેશે અને સાથે આ તમામ શરતોનું પાલન કરશે તેવું અન્ડરટેકીંગ સોગંદનામાના સ્વરુપમાં આપવાનું રહેશે અને સાથે પોલીસમાં જાણ કરેલ હોવાનો પુરાવો રજુ કરવાનો રહેશે. સ્થાનિક પરિવહન સત્તામંડળમાં કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૩** થી સામેલ છે.

(૪) જેમની ઓન કોલ ટેક્ષી સેવા ચાલુ હોય તેવા સંચાલકોએ પણ અધિકૃતતા મેળવવા જે તે સંચાલકે સ્થાનિક પરિવહન સત્તા મંડળને અરજી કરવાની રહેશે અને સાથે આ તમામ શરતોનું પાલન કરશે તેવું અન્ડરટેકીંગ સોગંદનામાના સ્વરુપમાં આપવાનું રહેશેઅને સાથે પોલીસમાં જાણ કરેલ હોવાનો પુરાવો રજુ કરવાનો રહેશે.

(૫) આવી અરજી મળતા સત્તામંડળ ધ્વારા ઉપર જણાવેલ શરતોનું પરિપુર્ણપણે પાલન થાય છે કે કેમ તે ધ્યાને લઇ અરજીની નોંધ લઇ અધિકૃત ઓન કોલ ટેક્ષી સંચાલક તરીકેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ પ્રમાણપત્ર આપતા પહેલાં અરજદારની વિગતો ચેક કરવા માટેના ચેકલીસ્ટનો **નમૂનો પરિશિષ્ટ-૪** થી સામેલ છે. સ્થાનિક પરિવહન સત્તામંડળ ધ્વારા આપવાના પ્રમાણપત્રનો નમૂનો **પરિશિષ્ટ-૫** થી સામેલ છે.

(૬) જે સંચાલકોને તેમના વાહનોની નવી પરમીટ મેળવવાની થાય તેમાં ઉપરોકત શરતો ઉમેરવાની રહેશે. જેમની સેવા ચાલુ હોય તેવા સંચાલકો ધ્વારા વપરાતા વાહનોમાં પરમીટ મળેલી હોય અથવા નવા સંચાલક ધ્વારા વાપરવામાં આવનાર વાહનોમાં પરમીટ મળેલ હોય તો તેમાં સ્થાનિક સત્તામંડળે /ડેલીગેશન ઓફ પાવર અન્વયે સભ્ય સચિવે/આરટીઓએ ઉપરોકત જણાવેલ શરતો ઉમેરવાની રહેશે.

(૭) અધિકૃતતા મળ્યા બાદ નવું વાહન દાખલ કરવા અથવા નવી પરમીટ મેળવી વાહન દાખલ કરવા અથવા જુની પરમીટના વાહનને આ સંચાલનમાં દાખલ કરવા જરુરી પરમીટ શરતો ઉમેરી આ પ્રમાણપત્ર સાથેના વાહનના લીસ્ટમાં તેનો ઉમેરો કરવાનો રહેશે.આ અંગે સ્થાનિક પરિવહન સત્તામંડળને કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૬** થી સામેલ છે.

**આ પરિપત્ર તથા તે અન્વયે થયેલ આરટીએના ઠરાવની જાણ આપના વિસ્તારના પોલીસ કમિશ્નરશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીને તાત્કાલીક કરવાની રહેશે.**

આ સૂચનાઓનો ચૂસ્ત અમલ કરવા તથા આરટીએના ઠરાવની અત્રે જાણ કરવા સૂચના આપવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

**નકલ જાણ સારુ સવિનય રવાના:-**

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (પા.પુ.,શ્રમ રોજગાર, વા.વ્ય.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગરને આ પરિપત્ર માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.

(૨) અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અંગત સચિવશ્રી, બીજો માળ, બીજો બ્લોકને આ પરિપત્ર માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.

(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ ભવન, છ-રોડ ગાંધીનગરને જાણ તથા તાબાના અધિકારીઓને અમલ કરવાની સૂચના આપવા ***આપના નં.૧૮૬/એસટીડી/આરબી/કેબ્સ/૪૩૪/૨૦૧૪*** ના અનુસંધાને વિનંતી સહ.

**નકલ અમલ કરવા સારુ રવાના:-**

(૧) તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તથા તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.

(૨) તમામ ઇન્ચાર્જ/ મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ.

(૩) મોટર વાહન નિરીક્ષકશ્રી, મોટર વાહન નિરીક્ષકની કચેરી, મોડાસા-ગાંધીધામ

:પુરબિયા:પરીપત્ર-૨૦૧૦:૯૧: